# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ફિલ્મ પ્રદર્શન અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત એક્ષટેન્શન એક્ટીવીટી સેલ અને ફિલ્મ ક્લબના સંયુક્ત ઉપક્રમે તા.05/06/2024ના રોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે શિક્ષણ હોય કે સમાજ કે પછી પર્યાવરણ એવી કેટલીય બાબતો માટે સંવેદનશીલ એવા યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ પર્યાવરણલક્ષી "કડવી હવા" ફીલ્મ બતાવામાં આવી. આ ફિલ્મમાં પર્યાવરણની ક્ષતિથી બદલાતી આબોહવા અને જે લીધે દુષ્કાળની પરિસ્થિતિ અને પાણીના મહત્વ પર આધારિત આ ફિલ્મની 64 રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં પણ વિષેશ નોંધ લેવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા સત્તા મંડળના સભ્યો દ્વારા સાથે રહીને આ ફિલ્મ નિહાળવામાં આવી હતી. સૌએ આ ફિલ્મ જોઈ પર્યાવરણની જાળવણી વિશે પોતાના વિચારો પ્રગટ કર્યા હતાં. સૌએ આ ફિલ્મ ઉત્સાપૂર્વક માણી હતી.







